સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

હવે તો તારા નિવાસ પર પણ લીધો છે ઉપાડો !
હે મહાદેવ! ખોલો ત્રીજું નેત્ર ને ત્રિશૂળ ઉપાડો !
નેપાળો ધો ને નેપાળને, પશુ બાંધો ખીલે, પશુપતિ -
મૂકી ધો છૂટા તમારા નાગોને બતાવનો ફૂંફાડો !

હાઈકુ

હવે નાટક !
પૂર્વ - તૈયારી માટે -
આ, પીછેહઠ...!
(દગાબાજ ચીન)

એ રડ્યા નથી -
જન્મ્યા ત્યારથી -
કોઈ 'દિ સાચું !
(વિશ્વાસઘાતી ચીન)

ચિંતન

ઉત્થાયોત્થાય બૌદ્ધવ્યં મહદ્ભયમુપસ્થિતમ્ ।
મરણવ્યાધિશોકાનાં કિમદ્ય નિપતિષ્યતિ ॥

ઉપરોક્ત શ્લોક 'સુભાષિત રત્નાવલી' માંથી લેવામાં આવેલ છે.

દરરોજ સવારે ઊઠીને માણસે જાણી લેવું કે 'આજે મરણ, રોગ કે શોક એમાંથી કયો ભય આવી પડશે.' કારણ કે કોઈને કોઈ મોટો ભય માણસ સામે હાજર હોય છે.

આ સંસારમાં રોગ, દુખ-શોક અને મૃત્યુ તો પગલે પગલે આવે જ છે. માણસે મન અને વિચાર દ્વારા આવી આપત્તિઓ પર કાબૂ મેળવી સંયમપૂર્વક વિવેકી જીવન જીવવું જોઈએ. વળી સંસારમાં કોઈ - કોઈને સુખ કે દુઃખ આપતું કે આપી શકતું - આપણને આપણા કર્મ જ ભોગવવાના હોય છે માટે હસતાં - હસતાં આનંદથી જીવન જીવવું જોઈએ.

સુવિચાર

- જિંદગી તુઝસે ઈશ્ક હૈ... અબ ઔર આઝમાઈશ ન કર, માના વહ ફિતરત હૈ તૈરી,
  મન તો મેરા ભી કરતા હૈ, છોડ જાઉં ગલિયાં તેરી...!! - **મુરલી પ્રસાદ**
- ઝૂંપડી ને મહેલ બનતા કયાં વાર લાગે છે બસ એકાદ
  દ્વારકાધીશ જેવો મિત્ર હોવો જોઈએ - **અંક્તિ મારૂ**
- જિદની એક ગાંઠ છુટી જાય, તો ગુંચવાયેલા બધાં સંબંધો સીધાદોર થઈજાય - **એસ. ભટ્ટાચાર્ય**
- મેં પૂછ્યું હૈયાને... શું 'હાર' કબૂલી લઈએ ? હૈયાએ પૂછ્યું...
  હજી છે થોડી હામ હૈયે, ચાલ 'ઝઝૂમી' લઈએ - **જીવન પાથેય**
- બનાવો સફર એવી કે મંઝિલને પણ ઈર્ષા થાય,
  હાર જીતની વાત નથી પણ હરીફ દ્વારા ચર્ચા થાય - **હીના ફૂલાલ**
- અણીદાર માનવી હું એમ જ નથી બન્યો, છોલવામાં શુભેચ્છકોની જ કારીગરી હતી - **રોહિત પટેલ**
- આજનું ઔષધ : કપૂરી પાન, બે નંગ, પચીસેક તુલસી પાન, પાંચ કાળા મરી અને ગોળ ઉમેરી પાણીનો ઉકાળો ગરમ-ગરમ ૩ વાર પીવાથી શરદી મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

ઈંગ્લેન્ડના લંડનથી દૂર એક ઝૂંપડપટ્ટીમાંથી એક એવર્ટરેક્સ નામનો ધૂની માણસ પસાર થઈ રહ્યો હતો. માતાપિતા મજૂરીએ ગયા હોય એટલે ત્યાંના બાળકો આખો દિવસ તોફાન મસ્તી કરતા તેઓના વાણી અને વર્તન ખરાબ હતા. એક છોકરાએ રેક્સ પર કચરો ફેંક્યો. આ પ્રસંગની રેક્સ પર ઊંડી અસર થઈ. તેણે આ સમગ્ર વિસ્તારનો અભ્યાસ કર્યો. તેણે આ ઝૂંપડપટ્ટી માટે કંઈક કરવાનો સંકલ્પ કર્યો. તેણે અડધો દિવસ કામ કરવાની નોકરી લીધી અને અડધો દિવસ લોકોનું જીવન સુધારવાનું નક્કી કર્યું. તેણે એક પત્રીકા કાઢી. તેઓ શિષ્ટાચાર, સારા નાગરિકના કર્તવ્યો, માણસના હક અને ફરજો વિશે પ્રચાર-પ્રસાર કરવાનું શરૂ કર્યું. શરુઆતમાં તો તેની સાથે ખૂબ અપમાનજનક વર્તન થયું. તેની છપાવેલી પત્રિકાઓ ફાડી નાખવામાં આવી. ધક્ક મારીને પાડી દેવામાં આવ્યો. રેક્સ એમ હાર માને તેમ નહોતો. નગરપાલિકાએ ત્યાં શાળા ખોલી. ચર્ચ પણ ઊભું થયું. ધીમે ધીમે કર્તવ્યના અને નાગરિકતાના પાઠ ભણાવવામાં તે સફળ રહ્યો. થોડા વખતમાં તેની આ પ્રવૃત્તિ 'ગ્લાસેસ્ટર ટાઈમ્સ' જેવા મોટા દૈનિક પત્રના પ્રકાશકને રેકસમાં રસ લીધો. થોડા જ વખતમાં આ મોટા અખબારનો તંત્રી બન્યો. કર્તવ્યની નિષ્ઠા અજબ પ્રકારની શક્તિ પ્રદાન કરી શકે છે.

પાર્ટી ગમી જવાથી કોઈ જૂની પાર્ટી છોડતું નથી

તંત્રીસ્થાનેથી...

ભારતીય જનતા પાર્ટી ખરેખર જરા જુદા સંદર્ભે પાર્ટી વિથ ડિફરંસ બની ગઈ છે. એના દરવાજા અન્ય પાર્ટીના સમર્થ આગેવાનો માટે આવનજાવન ખોલી નાખવામાં આવે છે. રણછોડરાયના કે દ્વારિકાધીશના દરવાજા ખૂલતાં જ જેમ શ્રદ્ધાળુઓ દોટ મૂકી દર્શન માટે પડાપડી કરવા લાગે છે એમ સત્તાધારી પાર્ટીના દરવાજા ખૂલતાંની સાથે વિપક્ષના સત્તાલાલચુ આગેવાનો પણ એમાં ઘૂસવા દોટ મૂકે છે. અલબત્ત, ઘૂસવા માગતા નેતાઓ બિનશરતે પ્રવેશ કરતા હોય એ વાતમાં માલ નથી. એમણે પોતાની મૂળ પાર્ટીમાં લાંબા સમય લગી સેવા આપી હોવા છતાં કદર ન થઈ હોવાને કારણે આ રીતે ફંટાઈને પુનશ્ચ હરિૐ કરવાનો નિર્ણય કર્યો હોય છે. કોંગ્રેસ ઘણાં વર્ષો સુધી શાસનમાં રહેલી પાર્ટી છે. પરંતુ એથી એમાં એટલાં જ પ્રબળ સ્થાપિત હિતોનો જમાવડો પણ થયેલો છે. કેન્દ્ર સ્તરે નહેરુ ગાંધી પરિવારની છત્રછાયા અને મીઠી નજરમાં રહેવાનાં બધાં જ કોંગ્રેસીઓ વલખાં મારતા રહે છે. એમાં આપણાં પ્રખર કોંગ્રેસી નેતા અહમદ પટેલ દાયકાઓથી પીચ પર જામેલા છે જ્યારે એમનાં કરતાં ઘણાં સિનિયર અને લોકપ્રિય નેતાઓ કે જેમનાં ગ્રાસરૂટ મજબૂત હતાં તે હાંસિયે ધકેલાઈ ગયા છે. આ પ્રક્રિયા ફક્ત ગુજરાતી પૂરતી જ નહીં બલકે સમસ્ત દેશમાં એક યા બીજા સ્વરુપે બનતી - બગડતી રહી છે. મમતા બેનરજી જેવાં મજબૂત નેતાને કોંગ્રેસ સાચવી શકતી નથી. એ જયોતિરાદિત્ય સિંધિયા અને શરદ પવારથી લઈ શંકરસિંહ વાઘેલા સુધીના લોકપ્રિય પ્રાદેશિક નેતાઓને પહેલાં કટ-ટુ-સાઈઝ કરે છે અને પછી બેરહેમી પૂર્વક હલાલ કરી દે છે. આ જ કારણ છે કે પોતાની ઊગતી કારકિર્દી માટે કોંગ્રેસનું શંકાસ્પદ પ્લેટફોર્મ બ્રિજેશ મેરજા જેવા સનિષ્ઠ ધારાસભ્યને જોખમ ખેડીને છોડી દેવાનું મન થાય છે. ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસના અનેક લોકપ્રિય આગેવાનોને પોતાના અંચળામાં સમાવ્યા છે, પરંતુ એની મૂળ સંરચના મુજબ નવા ભળનારા દૂધમાં સાકરની જેમ ભળી શકતા નથી. તેલ પાણી પર તરતુ રહે એમ તેઓ પાર્ટીમાં ભળી ગયા પછી પણ એની રીતિનીતિ અને વિચારધારા સાથે ભાવાત્મક એકતા સાથી શકતા નથી. ઘણાને તે પગરખામાં બેસવા વારો આવે છે. ઉત્તર ગુજરાતના ક્ષત્રિય નેતા લીલાધર વાઘેલા, ચીમનભાઈ પટેલના મંત્રીમંડળમાં કેબિનેટ દરજ્જો ધરાવતા હતા; ભારતીય જનતા પાર્ટીએ એને રાજ્યકક્ષાના દરજ્જે ઉતારી દીધા. અણગમતી કપડવંજ લોકસભાની બેઠક પર ઉમેદવાર બનાવી એમની હેસિયતનું ભાન કરાવી દીધું. એ પછી બનાસકાંઠા અને પાટણની લોકસભાની બેઠકો પર એમને માગણીદાર બની લાઈનમાં ઊભા રહેવાની નોબત આવી અને આખરે કારકિર્દીનો કરુણ રકાસ થયો. આ બધું નજર સામે હોવા છતાં ધારાસભ્યો કોંગ્રેસનું ઘર છોડી ભાજપ આંગણામાં ભીજ કેમ લગાડવા રહ્યા છે? એનું કારણ એટલું જ છે કે એમને વધુ નહીં તો પોતાના અંગત કે વિસ્તારના વિકાસનાં બે-પાંચ કામ કરાવી લેવાની તક ફક્ત સત્તાધારી પાર્ટી પાસે હોય છે. એ માટે તેઓ પ્રવેશ પૂર્વે શરતો પણ મૂકતા જ હોય અને સત્તાધારી પાર્ટીના હાકેમો એ હસતા મોઢે મંજૂર પણ કરતા જ હોય. કેટલાકને ધારાસભ્ય પદ કરતાં આર્થિક પ્રગતિમાં રસ હોય તો એ પણ માનવ સ્વભાવ છે. પાંચ વરસ સુધી હાથ જોડીને બેસી રહેવું એ કરતાં લૉટરી રોકડી કરી લેવામાં એમને શ્રેય લાગતું હોય. પાર્ટી અધ્યક્ષ જિતુભાઈ વાઘાણી કહે છે એમ બધા કંઈ ટિકિટની આશાએ નથી જોડાતા. પણ કેટલાક મહત્વાકાંક્ષી અને રાજકીય કારકિર્દી બનાવવા માગતા ધારાસભ્યો છાતી પર પથ્થર મૂકીને પાર્ટી છોડતાં પહેલાં હાઈકમાંડ પાસે કારકિર્દીની સલામતીની ખાતરી પણ માંગતા હશે અને તે મળતી પણ હશે. જયેશ રાદડિયા, કુંવરજી બાવળિયા અને જવાહર ચાવડા જેવી હસ્તીઓને તો ચૂંટણી પહેલાં જ મંત્રીમંડળના સોગંધ આપવા સુધી સત્તાધારી પાર્ટી તૈયાર થઈ જાય છે. બધાને ખબર છે કે પારકી પીચ પર રમવા ઊતરી રહ્યા છીએ, પણ કેટલાકને એમની આગવી વોટબેંક હોય છે. એ જરૂર પડ્યે અપક્ષ ઉમેદવાદ તરીકે ચૂંટણી લડીને પણ ખેરાલુના પૂર્વ ધારાસભ્ય શંકરજી ઠાકોરની જેમ વિધાનસભાની બેઠક સાચવી શકે છે.

લોક ડાઉનમાં સૌથી વધારે હેરાનગતિ ભરણપોષણ મેળવતી સ્ત્રીઓને

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

હાલમાં કોરોના કહેરના કારણે લોક ડાઉન ચાલે છે. જેમાં ગુજરાતની લગભગ તમામ કોર્ટો બંધ છે. જેમાં સૌથી વધારે હેરાનગતી એકલી રહેતી સ્ત્રીઓની છે અને પતિ સામે કોર્ટમાં ભરણપોષણ મેળવવા કરેલ અજી કે થયેલ હુકમનો અમલ હાલમાં પતિ દ્વારા કરવામાં આવતો નથી અને કોર્ટનું કામકાજ બંધ હોવાનું બહાનું આગળ ધરી ભરણપોષણની રકમ પત્નીને ચુકવવા આનાકાની કરે છે. અગર તો ચુકવતા જ નથી કોર્ટ ખુલતા આ રકમ વસુલ કરવા પત્ની દ્વારા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૨૫(૩) અન્વયે અરજી કરી રકમ વસુલાત માટે દાદ માંગવી પડશે જે અરજીની બજવણી કરતા પણ ઘણો સમય નીકળી જશે ત્યાં સુધી માત્ર ભરણપોષની રકમ ઉપર નિર્ભર પત્ની તથા બાળકોની હાલત કફોડી બની જશે તે ચોક્કસ વાત છે.

કેટલાક કિસ્સામાં સરકારી નોકરી કરતા પતિના પગારમાંથી સીધી ભરણપોષની રકમ પત્નીના ખાતામાં જમા કરવાનો હુકમ થયેલ છે તેમને આંશીક રાહત છે પરંતુ ખાનગી નોકરી કરતા પતિ કે નોકરી છુટી જવાનું બહાનું આગળ ધરી ભરણપોષણની રકમ ભરવામાં છટકી જનાર વર્ગ ઘણો મોટો છે.

માત્ર કાયદા ઘડવાથી સામાજીક સમસ્યાનો ઉકેલ આવતો નથી. આ માટે સમાજના દરેક વર્ગમાં જાગૃતિ અને આમુલ પરિવર્તન આવવું જરૂરી છે. સમાજની વિચારધારા કાયદાથી બદલી શકતો નથી. કાયદાથી કોઈપણ વ્યક્તિને ચારિત્ર્યવાન કે નિતિવાન બનાવી શકાતા નથી પોતાની સ્વેચ્છીક ફરજ સમજી બાળકો તથા પત્ની તેમજ વૃધ્ધ માતા પિતાનું ભરણપોષણ કરવું એ ભારતીય પુરૂષની ફરજ છે. પિતૃપ્રધાન

સ્ત્રીઓનું શોષણ અટકાવવું એ દરેક નાગરિકની બંધારણીય પવિત્ર ફરજ છે

સમાજમાંથી પુરૂષપ્રધાન સમાજમાં તબદીલી લાવતા ક્યારે નારીવાદી સમાજ બની ગયો તે કહિ શકાય તેમ નથી.

મહિલાઓને સન્માનીય સ્થાન આપોઆપ જ મળતું નથી આ માટે નારીવાદી સંગઠનોએ નવીન અભિગમ અપનાવો પડે છે. વ્યવસાય લક્ષી અભિગમ અપનાવી નારીને પગભર બનાવવા પ્રયત્ન કરવો જોઈએ જેથી આવી અસામાજીક સમસ્યામાંથી તથા પતિ ઉપર નિર્ભર ના રહેતા પોતે સ્વનિર્ભર બની પોતાનું તથા બાળકોનું ભરણપોષણ સારી રીતે કરી શકે. કોર્ટ કચેરીએ ટેકનિકલ તથા કાયદાકિય બાબતો હોય તેમાં નિર્ણય આવતા ઘણો સમય નિકળી જાય તે દરમ્યાન પોતાનું તથા બાળકોનું ભરણપોષણ કરવા અસમર્થ સ્ત્રીને લાચારીમાં જીવવું પડે છે. પીયરમાં બાપડી, બીચારી બની પિતા કે ભાઈ ઉપર નિર્ભર રહેતી સ્ત્રીની લાચારીનો ખ્યાલ દરેક પરણિત પુરૂષે રાખવો જ રહ્યો. માનવીય અભિગમ, સામાજીક અભિગમ નહી અપનાવાય ત્યાં સુધી આ સમસ્યાનો ઉકેલ આવી શકશે નહિ. પરપીડન વૃત્તિની માનસીકતા નહિ બદલાય તથા ભરણપોષણ એ ભીખની વસ્તુ નથી પરંતુ સ્ત્રીનો અધિકાર છે તેવી માન્યતા નહિ બદલાય ત્યાં સુધી સ્ત્રીઆ મનોદશામાંથી પસાંર થતી જ રહેશે.

ગુજરાતમાં ફેમીલી કોર્ટોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. દરેક જીલ્લામાં ફેમીલી કોર્ટ કાર્યરત છે અને ઝડપી ન્યાય અપાવે છે પરંતુ અપીલ, રીવીઝનનો સામાવાળાનો હક્ક પણ કાયદાએ આપેલ હોય તેમાં ઘણો જ સમય વ્યતિત થાય છે. જેનો ભોગ પતિનું ઘર છોડી જનામ સ્ત્રી અને તેના બાળકો બને છે.

ભારતના બંધારણમાં સ્ત્રીઓ પ્રત્યેનો સામાન્ય અભિગમ ચર્તવિધ છે. સ્ત્રીઓને દરેક ક્ષેત્રમાં સમાન તક, સમાન હક્ક, સમાન ફરજો આપેલ છે જે સ્ત્રીને કાયદાથી વિશેષ રક્ષણ આપવામાં આવ્યું છે. દરેક સ્ત્રીએ ઢાલ તરીકે ઉપયોગ કરવો જોઈએ નહિ કે તલવાર તરીકે. માત્ર સાસરીયાને, પતિને પીડીત કરવાની વૃત્તી પણ કેટલીક સ્ત્રીમાં રહેલી છે જે માનસીકતા બદલી સમાધાનનો અભિગમ અપનાવવો જોઈએ.

બંધારણની કલમ ૧૫ મુજબ ધર્મ, જાતિ, જ્ઞાતિ, લીંગ, જન્મ સ્થાનને કારણે કોઈપણ સ્ત્રીઓ કે ભારતીય નાગરિક સામે ભેદભાવ રાખવો એ કાયદાકિય ગુન્હો ગણાય છે. કલમ ૧૯ મુજબ વાણી વ્યક્તિ સ્વતંત્રતા જાળવવી જોઈએ. કલમ ૩૮ થી ૪૨ મુજબ સ્ત્રીઓએ પુરૂષ સમોવડી ગણી ન્યાય તથા સામાજીક સુવ્યવસ્થા ઉત્પન્ન કરી તેને નિભાવવાની જવાબદારી સ્ત્રી અને પુરૂષની સમાન છે.

અનુસંધાન પાના નં ૭ પર

ભગવાન આપણને સ્મૃતિ આપે છે, જેથી પાનખરમાં પણ આપણે ગુલાબોને માણીએ

WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

'મેં વાવેલો એક્કેક દાણો લણ્યો મેં ગાડે ગાડે.
કણ ઓરું ને મણને પામું, કો' અટળક ઉગાડે ?
એ તો સાહેબ ખરો કમાલી
મારો સાહેબ ખરો કમાલી.'

- રક્ષા દવે

ચોમાસાની આ ઋતુમાં કુદરતને, ઈશ્વરના સાનિધ્યને પામવાનો અને અનુભવવાનો અવસર મળે છે. પરિસ્થિતિ ગમે તેવી ખરાબ કે વિકટ બને ઈશ્વર પરની આપણી શ્રદ્ધા વધુને વધુ સુદૃઢ બનતી રહે છે, અને આવો જ સંબંધ, આવી જ અતૂટ શ્રધ્ધા બાળકોને તેમના માતાપિતા તેમજ શિક્ષકો પ્રત્યે હોય છે. પરંતુ, જે રીતે સમાજમાં આત્મહત્યાના પ્રયાસો વધી રહ્યા છે. તે જોતાં આપણો સમાજ, સમાજના યુવાનો ઈશ્વરમાં, મા-બાપમાં અને તેમના કેળવણીકારમાં શ્રદ્ધા ગુમાવી રહ્યા છે તેવું ચોક્કસપણે સ્વીકારવું જ રહ્યું. કાકાસાહેબ કાલેલકર લખે છે :

'છોકરાઓને એકની એક વાત વીસ વીસ વખત કહેતાં તમને કંટાળો નથી આવતો.' એવો સવાલ એક શિક્ષકને કોઈએ કર્યો.

તેણે જવાબ આપ્યો : 'ઓગણીસ વખત કહેલું નકામું ન જાય, એટલા માટે વીસમી વખત કહું છું.'

કેળવણી એક લડત છે. શિક્ષકોનો પક્ષ હારી બેસશે, તો જગતની શક્તિ નામશેષ થઈ જશે. એક જ રસ્તો છે : ફરી ફરી સમજાવો, ફરી ફરી જાગૃત કરો, અકથ્ય ધીરજ ધરો.'

એક બાળકમાં નાનપણથી જ આત્મવિશ્વાસ અને સ્વનિર્ભર બનાવાના બીજ વાવવા ખૂબ જરૂરી છે. કોઈ પણ સંજોગોમાં અને ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં હાર ન માનવી એ જ જીવનનો સૌથી વધુ અગત્યનો પાઠ છે. એ શિક્ષણ આપવામાં મા-બાપ, કેળવણીકાર, સમાજ આ બધા પરિબળો જયારે નિષ્ફળ જાય ત્યારે જ કોઈ વ્યક્તિ નિષ્ફળ અને લાચાર બનીને પોતાની હાર સ્વીકારતો, બની જાય છે.

ગાંધીજીએ એક વાર કહેલું કે, 'હું એક કુશળ માળી છું. માળી શું કરે છે ? એ એક છોડ વાવે એટલે એને ખાતરપાણી આપે. હવે, એ છોડની આસપાસ ઘાસ પણ ઊગે છે. એ ઘાસને પણ પેલું ખાતરપાણી મળે છે. છોડની દૃષ્ટિએ ઘાસ અનિષ્ઠ છે. છતાંય માળી અને તરત ઉખેડી નથી નાખતો. એને ખબર હોય છે કે, ઘાસ ખસેડવા જઈશ તો પેલો છોડ પણ કદાચ ઉખડી જશે. તેથી તે ધીરજ રાખે છે.પછી કાળાંતરે જયારે એને ખાતરી થાય છે કે હવે છોડનાં મૂળિયાં મજબૂત થયાં છે, ત્યારે જ એ કુશળતાપૂર્વક પેલું ઘાસ ઉખેડી નાખે છે.'

આપણે બાળકને પ્રેમ અને હૂંફથી એ રીતે ઊછેરવાનું છે કે આગળ જતાં પોતાની ભૂલો પોતાના અવગુણોને એ પોતે જાતે જ જોઈ શકે, અનુભવી શકે અને એનું નિવારણ પણ જાતે જ લાવી શકે. જીવનની ગમે તેટલી હાર કે નિષ્ફળતા તેના પોતાની જાત પરના વિશ્વાસને ખંડિત જ થવા દે એટલું મજબૂત મનોબળ તે પામી શખે. અન્ય કોઈ વ્યક્તિ પણ જો તેના મનોબળને તોડી પાડવા ઈચ્છે તો તેનો સામનો તે દઢતાપૂર્વક કરી જ શકે. લેખક બર્નાર્ડ શૉ અને રાજકારણી વિન્સ્ટન ચર્ચિલના પોતપોતાના આત્મવિશ્વાસ અને ઘર્ષણનું ઉદાહરણ કંઈક આવું હતું : આ બંને મહાન હસ્તીઓ વચ્ચે અવારનવાર ઘર્ષણ ચાલ્યા કરતું. એકવાર શૉએ ચર્ચિલને ચિઠ્ઠી લખી કે, 'મારા નાટકના પહેલા ખેલની બે ટિકિટ હું તમારે માટે રિઝર્વ કરાવું છું. તમે આવજો ને એક મિત્રને લેતા આવજો - જો તમારે કોઈ મિત્ર હોય તો.' ચર્ચિલે ચાંપતો જ જવાબ વાળ્યો : 'પહેલાં ખેલમાં હાજર રહેવું અશક્ય છે. પણ હબીજામાં હાજર રહીશ - જો એ થશે તો.'

Last Seen :
ભગવાન આપણને સ્મૃતિ આપે છે,
જેથી પાનખરમાં પણ આપણે ગુલાબોને માણીએ.

- nehalgadhavi101@gmail.com

રાજ્યસભાની ચૂંટણીમાં આશાનાં કિરણ : મહારાજાઓના પુનઃપ્રવેશ

અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

ભારતીય સંસદના ઉપલા ગૃહ એટલે કે રાજ્યસભાની ચૂંટણીમાં પક્ષપલટા કે સામેવાળા પક્ષના ધારાસભ્યોનાં રાજીનામાંના વરવા દોર છતાં આશાનું કિરણ એ છે કે હજુ પણ મોટાભાગની બેઠકોની ચૂંટણી બિનહરીફ થાય છે. માર્ચ ૨૦૨૦માં થયેલી અને કોરોના પ્રકોપને કારણે મોકૂફ રહેલી જૂન ૨૦૨૦માં થયેલી રાજ્યસભાની બેઠકોની ચૂંટણીમાં મોટાભાગની બેઠકો બિનહરીફ થયા ભણી બહુ ઓછા લોકોનું ધ્યાન ગયું છે. કુલ ૨૪૫ સભ્યોના આ ઉપલા ગૃહની ૬૧ બેઠકો પૈકી ૪૨ બેઠકો બિનહરીફ થઈ, પરંતુ ગુજરાત અને મધ્યપ્રદેશમાં જે રીતે વિપક્ષી કોંગ્રેસના ગઢને તોડવાના સત્તારૂઢ ભાજપ થકી કારસા રચાયા એના કારણે સૌથી વધુ ચર્ચા એની જ રહી. તાજેતરની ચૂંટણીમાં બીજું મહત્વનું પરિબળ જોવા મળ્યું તે પૂર્વ રાજવી પરિવારોના રાજા-મહારાજા-નવાબ જેવાં લટકણિયાં નાબૂદ થઈ ચૂક્યાં હતાં એ ફરીને આ વખતે દાખલ થયાં છેઃ મણિપુરમાંથી ભાજપ થકી ''સ્પોન્સર કરાયેલા'' (ચૂંટણી પંચ આ શબ્દપ્રયોગ કરે છે) પૂર્વ રાજવી પરિવારના પ્રતિનિધિ સાનાજાઓબા લઈશેમ્બાને ''મહારાજા''ના વિશેષણ સાથે રાજ્યસભામાં વિજેતા જાહેર કરવાનું ચૂંટણી પંચનું કૃત્ય વાસ્તવમાં તો ગુસ્તાખીભર્યું લેખવું જોઈએ, પણ જ્યાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ જાહેરસભામાં એમને મહારાજા તરીકે સંબોધે છે ત્યારે એનું અનુસરણ ચૂંટણી પંચના અધિકારી કરે એને સ્વાભાવિક ગણાય. એમ તો ભાજપે ગ્વાલિયરના ''મહારાજા'' જ્યોતિરાદિત્ય સિંધિયાને કોંગ્રેસમાંથી પોતાના ભણી વાળીને રાજ્યસભે પાઠવ્યા, પણ એમનું નામ માત્ર શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયા જ છે. જમ્મૂ-કાશ્મીરના મહારાજા હરિ સિંહના અનુગામી તરીકે ડૉ.કર્ણ સિંહને રાજકુમાર કે મહારાજા લખવાનો અધિકાર હતો ત્યારે પણ તેમણે પોતાનું નામ ''મિસ્ટર'' કર્ણ સિંહ રાખવાનો આગ્રહ રાખતો પત્ર એ વેળા કેન્દ્ર સરકારને લખ્યો હતો. ભારતીય બંધારણ ''પદ્મશ્રી'' જેવાં વિશેષણો કે લટકણિયાં કે ઈલકાબને નામની આગળ લગાડવાનું અનુચિત માનતું હોવા છતાં આજકાલ તો કમનસીબે સરકારી નિમંત્રણપત્રોમાં પણ આવા ઈલકાબોને નામની આગળ જડી દેવામાં આવે છે. કોઈ ફરિયાદ કરે તો આવા ઈલકાબો પાછા ખેંચાઈ જાય, પરંતુ ભારતમાં આવી ફરિયાદો ભાગ્યે જ થાય છે એટલે છડેચોક આવાં વરવાં દ્રશ્યો જોવા મળે છે.

રાજ્યસભાની પક્ષવાર સ્થિતિ

તાજેતરની ચૂંટણી પછી રાજ્યસભામાં સત્તારૂઢ ભાજપ અને એના મિત્ર પક્ષોની સ્થિતિ મજબૂત જરૂર થઈ છે, પરંતુ હજુ બહુમતીથી દૂર છે. આગામી ૨૫ નવેમ્બરે યોજાનાર રાજ્યસભાની ખાલી પડતી બેઠકોની ચૂંટણી વેળા કેવા ખેલ થાય છે એના ભણી સૌની મીટ રહેવાની, પરંતુ એ ચૂંટણી પછી પણ ભાજપ એકલે હાથે પોતાની બહુમતી મેળવી શકે તેમ જણાતું નથી. લોકસભામાં ૫૪૫ બેઠકોમાંથી ભાજપ એકલેહાથે ૩૦૩ બેઠકો સાથે બહુમતી ધરાવે છે છતાં એ મિત્રપક્ષોને સાથે રાખીને રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા (એનડીએ)ની સરકાર ચલાવે છે. રાજ્યસભામાં એનડીએની પણ બહુમતી નથી એટલે જરૂર પડ્યે કેન્દ્ર સરકારે બીજા પક્ષોનો ટેકો લઈને મહત્વનાં વિધેયક મંજૂર કરાવવાં પડે છે. તાજેતરની ચૂંટણી પછી ભાજપની સભ્ય

- **પૂર્વ રાજવી પરિવારોનાં રાજા-મહારાજા-નવાબ જેવાં લટકણિયાં નાબૂદ થઇ ચૂક્યાં હતાં એ ફરીને આ વખતે દાખલ થયાં**
- **વર્તમાન રાજકારણના પ્રવાહીમય પ્રવાહોને જોતાં આજે રાજ્યસભાનું જે ચિત્ર છે એ ક્યારે બદલાઈ જશે એ કહેવું મુશ્કેલ**
- **૧૯૭૪ના નવનિર્માણ આંદોલનના નેતા રહેલા નરહરિ અમીન રાજકીય અરણ્યવાસમાંથી બાકોરું પાડી રાજ્યસભે પહોંચ્યા**
- **લોકસભા ચૂંટણી હારેલા ભૂતપૂર્વ વડાપ્રધાન કે મુખ્યમંત્રી એવા સંખ્યાબંધ નેતાઓ રાજકીય અસ્તિત્વ ટકાવવામાં સફળ**

સંખ્યા ૭૫થી વધીને ૮૬ થઈ છે. કોંગ્રેસની ૩૯થી વધીને ૪૦ થઈ છે. કોંગ્રેસની એક બેઠક વધવાથી એણે હરખાવા જેવું કશું નથી. ગૃહમાં એનડીએના ૧૧૬ કે ૧૧૭ સભ્યો થાય તો પણ બહુમતી આંક ૧૨૩ કરતાં એ નીચે જ છે. વિપક્ષની સભ્ય સંખ્યા ૧૨૬ છે અને એમાં કોંગ્રેસના નેતૃત્વવાળા સંયુક્ત પ્રગતિશીલ સંગઠન (યુપીએ)નું સંખ્યાબળ માત્ર ૬૧ બેઠકોનું જ છે. વિપક્ષોની સ્થિતિ દેડકાંની પાંચ શેરી જેવી છે. વર્તમાન ભારતીય રાજકારણના પ્રવાહીમય પ્રવાહોને જોતાં આજે જે ચિત્ર છે એ ક્યારે બદલાઈ જશે એ કહેવું મુશ્કેલ છે.

ગુજરાતમાં નરહરિ મેઈનસ્ટ્રીમમાં

રાજ્યસભાની આ વખતની ચૂંટણીનાં પરિણામો પર નજર કરીએ તો કેટલાક મહારથીઓ વિધાનસભા કે લોકસભા ચૂંટણી હાર્યા પછી રાજ્યસભામાં સ્થાન મેળવી શક્યા છે. રાજ્યસભા તો મોટેરાઓનું ગૃહ ગણાય છે પણ હવે એમાં છોટેરા પણ ગોઠવાઈ જાય છે. ગુજરાતની વાત કરીએ તો ૧૯૭૪ના નવનિર્માણ આંદોલનના વિદ્યાર્થી નેતાઓમાં રહીને કોંગ્રેસના મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલનું રાજીનામું પડાવનારાઓમાંના એક નરહરિ અમીન એ જ ચીમનભાઈ પટેલની કોંગ્રેસમાં રહી આવ્યા અને છેવટે ગુજરાતના નાયબ મુખ્યમંત્રી બન્યા પછી ભાજપમાં આવી લગભગ રાજકીય અરણ્યવાસમાં હતા. એ આ વેળા કોંગ્રેસના ભરતસિંહ સોલંકીને પાડી દઈને રાજ્યસભે પહોંચ્યા. કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલ અગાઉ મંત્રી રહ્યા, વિપક્ષી નેતા રહ્યા અને વારંવાર વિધાનસભા હાર્યા પછી હવે રાજ્યસભે ગોઠવાયા. ગુજરાતમાં જનસંઘના પાયાના પથ્થર લેખાતા ચીમનભાઈ શુક્લના ભાણેજ હોવાને નાતે શંકરસિંહ વાઘેલા સાથે બળવાખોરી કરીને પાછળથી ભાજપી સ્વગૃહે પાછા ફરેલા અને હવે વડાપ્રધાનના ખાસ એવા અભય ભારદ્વાજ તેમજ વારંવાર વિધાનસભા બેઠક હારેલાં સચિવાલય કર્મચારીમાંથી રાજકારણી બનેલાં રમીલા બારા માટે પણ આ વેળા સીધો જ રાજ્યસભા પ્રવેશ શક્ય બન્યો. પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના પુત્ર ભરતસિંહ જીદે ચડીને રાજ્યસભાની ટિકિટ લઈ આવ્યા. અને મોવડીમંડળને ફડકો હશે કે ભરતસિંહ પાછા જ્યોતિરાદિત્યની ચાળ પકડીને ભાજપમાં ના જાય એટલે વિનાવિરોધે રાજ્યસભાની ચૂંટણીનું વચન આપનાર રાજીવ શુક્લને ટાળ્યા પણ કોંગ્રેસની બાંધી મુઠ્ઠી ખુલી ગઈ. દોડવું હતું અને ઢાળ મળતાં કેટલાક કોંગ્રેસી ધારાસભ્યો રાજીનામાં આપી પક્ષદ્રોહ કરી બેઠા. ભાજપે એ વેળા કાને હાથ દીધા હતા, પણ હવે મોટાભાગના ભાજપમાં પ્રવેશ્યા એટલે ગોઠવણ પાકી હતી એ સ્પષ્ટ થઈ ગયું. રાજકારણમાં લાલો લાભ વગર લોટતો નથી. છોટુભાઈ વસાવાની બીટીપીને આગામી ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં આદિવાસી પટ્ટામાં કોંગ્રેસના અહમદ પટેલ કરતાં ભાજપના અમિત શાહ વધુ બરકતવાળા લાગ્યા હોવા જોઈએ એટલે પુત્ર મહેશ વસાવા સહિત મતદાનથી વેગળા રહીને ભાજપને લાભ કરાવ્યો.કોંગ્રેસ માટે શંકરસિંહની ઓફર હોવા છતાં બળવાખોર બાપુને ચીપિયાથી પણ નહીં અડકવાનું નક્કી કરતાં ભાજપમાંના ભગાનો લાભ ખાટવાનું પણ કોંગ્રેસ માટે શક્ય ના બન્યું. બાપુએ તો પછેડી ખંખેરીને શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસને પણ રામરામ કર્યા. હવે આ ઢળતી ઉંમરે નવું ઘર માંડવા કરતાં ફરી સ્વાવલંબી બની જવા પ્રજા શક્તિ મોરચાના માધ્યમથી પ્રાદેશિક પક્ષનો આલાપ આદર્યો છે. તાજેતરમાં બાપુએ ભારે રઝળપાટ કરી અને કોરોનામાં પટકાયા.

જૂના જોગી હવે રાજ્યસભે ચૂંટાયા

રાજ્યસભાની આ વખતની ચૂંટણીમાં પોતાના જ જનતા દળ (સેક્યુલર)ની ટિકિટ પર લોકસભા ચૂંટણી હારેલા પૂર્વ વડાપ્રધાન એચ.ડી. દેવેગૌડા, કોંગ્રેસના એવા જ મલ્લિકાર્જુન ખડગે, ભોપાલની બેઠક પર હારેલા અને મધ્ય પ્રદેશના દસ વર્ષ સુધી મુખ્યમંત્રી રહેલા દિગ્વિજયસિંહ, ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનના પિતા જે બહુચર્ચિત સાંસદ અને મુખ્યમંત્રી રહ્યા તેમજ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી હારેલા શિબુ સોરેનઉપરાંત રાજકારણમાંથી નિવૃત્ત થવાનું કહીને મહારાષ્ટ્રમાં શિવસેના-રાષ્ટ્રવાદીકોંગ્રેસ-કોંગ્રેસની સરકાર રચીને ભાજપના ઘમંડને તોડવામાં સફળ રહેલા રાષ્ટ્રવાદી કોંગ્રેસના સુપ્રીમો શરદ પવાર સહિતના અનેક મહાનુભાવો ચૂંટાયા. બે ગુજરાતી પણ પશ્ચિમ બંગાળ અને આંધ્ર પ્રદેશમાંથી ચૂંટાયા. રેલવે મંત્રી રહેલા તૃણમૂલ કોંગ્રેસના દિનેશ ત્રિવેદી અને વાયએસઆર કોંગ્રેસની ટિકિટ પર રિલાયન્સના પરિમલ નથવાણી રાજ્યસભે પહોંચ્યા. અગાઉ નથવાણી ઝારખંડમાંથી ચૂંટાયા હતા. છત્રપતિ શિવાજીના વંશજ ઉદયરાજે ભોસલે પણ રાષ્ટ્રવાદી કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા બાદ રાજ્યસભામાં ગયા છે. અગાઉ શિવાજી મહારાજના બીજા વંશજ શંભાજી રાજે ભોસલે તો ભાજપના સભ્ય તરીકે રાજ્યસભામાં હતા જ. આવતા દિવસોમાં રાજ્યસભા ચૂંટણીઓ કરતાં બિહાર અને પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી દેશ અને દુનિયાનું ધ્યાન ખેંચનારી બની રહેશે. બિહારમાં જેડી(યુ)ના સુપ્રીમો અને મુખ્યમંત્રી નીતીશ કુમારે લાલુ પ્રસાદના આરજેડી સાથે ચૂંટણી જીત્યા પછી ઉલાળિયાં કરીને ભાજપ સાથે ઘર માંડ્યું હતું. પશ્ચિમ બંગાળમાં દાયકાઓના માર્કસવાદી શાસનને પરાસ્ત કરીને ૨૦૧૧થી મુખ્યમંત્રી રહેલાં તૃણમૂલ કોંગ્રેસનાં સુપ્રીમો મમતા બેનરજીને પરાસ્ત કરવા માટે ભાજપ જમીન આસમાન એક કરી દેવાનો સંકલ્પ કરી ચૂક્યો છે. ભારતીય રાજકારણની આગામી દિશા બિહાર અને બંગાળનાં ચૂંટણી પરિણામ નક્કી કરશે.

- haridesai@gmail.com